N2T4T6

# ૨ તેને તે ઊગશે?

**તમારા શિક્ષક પાસેથી ગીતડું સાંભળો, ઝીલગાન કરો અને જાતે ગાઓ.**

ચાલ, આપણે ફરવા જઈએ,
ઝાડ-પહાડને મળવા જઈએ,
ચાલ આપણે ફરવા જઈએ.


હરણાં પાસે હળવા જઈએ,
ઝરણાં પાસે દોડી જઈએ,
ફૂલડાં સાથે રમવા જઈએ. ચાલ.

આંબાડાળે ઝૂલવા જઈએ
નદીકિનારે ભમવા જઈએ.
હામ ભરીને તરવા જઈએ, ચાલ.

**જુઓ અને કહો.**



સિપાહી બુલબુલ



હિમાલયન મોનાલ



દૂધરાજ



બ્રાહ્મણી મેના

૧. કોની કલગી સૌથી સારી લાગી?

૨. આ પક્ષીઓમાંથી તમે કયાં કયાં પક્ષીઓ જોયાં છે?

૩. તેઓ શું ખાતાં હોય છે? કોઈ પણ બે પક્ષી વિશે કહો.

૪. કોઈ પણ બે પક્ષીઓના અવાજ કાઢો.

૫. કાબર અને ચકલીની જેમ ચાલી બતાવો.

૬. તમારાં આંગણાંમાં કયાં કયાં પક્ષીઓ આવે છે?

**એક કૂકડીને એવું કંઈક શીખવાનું મન થયું જે બીજાં પક્ષીઓ વિચારી પણ શકતાં ન હતાં. તેની વાર્તા સાંભળો અને વારંવાર વાંચો.**

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# કૂકડીને કલગી ઊગે?

વર્ષો પહેલાંની આ વાત છે. એક કૂકડી હતી, હોશિયાર કૂકડી. ઈંડાં સેવવામાં હોશિયાર, ચણ વીણવામાં હોશિયાર, બચ્ચાં સાચવવામાં હોશિયાર. એમને ચણ વીણતાં શીખવવામાં હોશિયાર. બધાં એને ખૂબ પ્રેમથી, માનથી બોલાવે. કૂકડી પણ હોંશેહોંશે પોતાનાં ઈંડાંને અને બચ્ચાંને સંભાળે.

કૂકડીને બે વાતે દુ:ખ-એક તો એ કે એનાથી ઊંચે ઊડાતું નથી ને બીજું એ કે એને રંગીન પીંછાં નથી, માથે કલગી નથી, ગળે લાલ-પીળા રંગો નથી. પણ એનું તો શું થાય? કૂકડીને નાનપણથી હોંશ કે પોતાને માથે કલગી હોય અને પોતે જોરથી ઊડીને વંડી માથે બેસે અને આસપાસની દુનિયા જુએ. બિચારી કૂકડીને ઊડતાં ન આવડે એટલે જમીન પર જ રહેવું પડે, ફરવું પડે. એ દોડવામાં કેવીય હોશિયાર હોય, પણ દોડવું એટલે દોડવું ને ઊડવું એટલે ઊડવું, બેમાં ફેર ખરો તો ખરો જ ને!

**દોડવા અને ઊડવાથી કૂકડીને શો ફાયદો કે નુકસાન થાય?**

કૂકડીએ પોતાની હોંશની વાત પોતાની માને કરી, તો મા કહે, ''એ તો એમ જ હોય. કૂકડીને માથે કલગી ન હોય!'' કૂકડી એની બહેનપણીઓને કહે તો એ બધી તો હસે, ''શું કામ છે'લી વંડીને માથે ચડીને? અહીં જમીન પર આપણે રમીએ, જમીએ ને ખુશ રહીએ. મૂક વંડીની વાત. ચાલ, અહીં સાતતાળી રમીએ.''

કૂકડી નાછૂટકે દોડાદોડીમાં જોડાય. કદીક ન પણ જોડાય અને એક કોરે ઊભી ઊભી વંડી તરફ જોયા કરે. મનમાં એક જ રઢ છે, 'મારે વંડીએ ચડવું છે!'

એકવાર એવું થયું કે કૂકડી વંડીની બહાર ઉકરડામાં ચણતી હતી. ત્યાં અચાનક બે બિલાડીઓ લડતી લડતી દોડી આવી. કૂકડી બી ગઈ, જોર કરીને ઊડી. સહેજ જ ઊડી કે પાસે પડેલા એક પથરા પર ચડી ગઈ.



બિલાડીઓ તો લડતાં લડતાં આઘી જતી રહી, શાંતિ થઈ ગઈ. કૂકડીએ જોયું તો પોતે એક પથ્થર પર બેઠી છે. 'ઓહ! આટલું ઊંચે તો મારાથી ઉડાય છે!' કૂકડી ચકિત થઈ ગઈ.

કૂકડી ચણવાનું ભૂલીને વારેવારે ઊડીને એ પથરા પર બેસવા માંડી. ઊડીને પથરા પર બેસે, વળી નીચે ઊતરે, વળી ઊડીને પથરા પર બેસે. કોઈક વાર સહેજ નીચું ઉડાય તો પથરા જોડે ભટકાય ને નીચે પડે તોય વળી પાછી ઊડવા



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જાય. કૂકડીને મજા પડવા માંડી. સાંજ સુધી કૂકડીએ પથરા પર ઊડઊતર ઊડઊતર કર્યા કર્યું. થાકીને એ સાંજે પાછી ફરી ત્યારે એ ખુશ હતી, ખૂબ જ ખુશ.

કૂકડીને ખુશખુશાલ જોઈને કૂકડાએ પૂછ્યું, ‘‘કેમ! આજે ચણવામાં બહુ સારું મળ્યું છે એટલે રાજીની રેડ છે?’’

કૂકડીએ કૂકડાને પથરા પર ચડવાના પોતાના અનુભવની વાત કરી.

‘‘રહેવા દે ને હવે, શું કામ છે તારે આવા શોખ કરીને?’’ કૂકડાએ કહ્યું.

કૂકડીએ કૂકડાની વાત સાંભળી લીધી, પણ એને ગમી નહિ.

‘‘મારે તો તારી જોડે વંડી પર બેસવું છે અને બહારની દુનિયા જોવી છે.’’ કૂકડીએ પોતાની અભિલાષા કૂકડાને કહી. અને વિચારવા લાગી કે લાખો-હજારો કૂકડીઓએ ન કર્યું એટલે મારેય નહિ કરવાનું?’ ક્યાં સુધી કૂકડીઓએ જમીન પર ચણ્યા જ કરવાનું? કૂકડી આમ રોજેરોજ ઊડઊતર કર્યા કરે. એનાથી થાકે એટલે કૂકડી કૂકડાને ધારીધારીને જોયા કરે. એ કેમ પાંખો ફેલાવે છે, કેમ પગ સંકોરે છે, કેવી રીતે ધીરેધીરે ઊંચે ચડે છે એ નીરખ્યા કરે. કૂકડો મનમાં પોરસાય કે કૂકડી કેટલા પ્રેમથી એને નિહાળે છે! કૂકડો ખુશ થાય, વધારે જોરથી ઊડે અને કૂકડી થોડું વધારે શીખે. ત્યાં એક દિવસ એક કાગડાએ કહ્યું, ‘ઊંચે ઊડીનેય શું મળવાનું તને? માથે કલગી થોડી ઊગવાની છે? કૂકડી, તું તો કૂકડી જ રહેવાની ને?’

## કૂકડીની ઈચ્છા પૂરી થશે?

કૂકડી ખિજાઈ, ‘‘મને કલગી ઊગે-ન ઊગે, તારે શું? જા, મને કલગી ઊગશે, જોઈ લેજે તું.’’

કાગડાને હસતો મૂકીને કૂકડીએ વધુ મહેનતથી ઊડવાનું કામ શરૂ કરી દીધું.

એક સવારે કૂકડો વંડીએ ચડીને બોલ્યો, ‘‘કૂકડેકૂક.... કૂકડેકૂક’’ ને પછી પોતાની મસ્તીમાં વંડી પર ચાલવા માંડ્યો. ત્યાં એણે શું જોયું? થોડી જ દૂર વંડી પર હતી કૂકડી! તે વંડી પર ચડવા જેટલી હોશિયાર થઈ ગઈ હતી! ‘‘અરે! કૂકડી, તું અહીંયાં?’’ કૂકડાએ નવાઈથી પૂછ્યું.

‘‘હા, હુંય હવે ચડી શકું છું વંડી પર.’ કૂકડી વટથી બોલીને કૂકડાની જેમ જ ડોક ઊંચી કરીને ચારેબાજુ જોવા માંડી. ચારેબાજુ શું હતું? હંમેશાં નીચેથી જોયેલાં ઝાડને આજે કૂકડીએ નજરની સામે જોયાં. નીચેથી ઊંચે જોતાં માંડ જોવા મળે તેવાં ઝાડનાં ડાળ-પાંદડાં એની નજર સામે હતાં. કાબર, ચકલી, તેતર, કબૂતર, કાગડા, પોપટ બધાંયને એ જોતી હતી, પણ ઉકરડા પાસે જમીન પર. એ પંખીઓને એણે ઝાડની ડાળે ઝૂલતાં જોયાં. કૂકડી ખુશ થઈ, નવાઈ પામી, હરખઘેલી થઈ ગઈ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ત્યાં તો દૂરથી એક કાબરે એને જોઈ. એ ઊડીને કૂકડીની પાસે આવી અને વંડી પર એની સાથે બેસીને બોલી, ''એ કૂકડી, જો તો ખરી, તનેય માથે કલગી ઊગી છે!''

''હેં! ખરેખર?'' કૂકડીએ પૂછ્યું.

''હાસ્તો વળી, હું ખોટું કહેતી હોઉં તો પૂછ આ ચકલીને અને પેલા દોઢડાહ્યા કાગડાને. તારી કલગી બધાંને દેખાય છે.''

ત્યાં તો ચકલી, કાગડો, પોપટ, કબૂતર બધાં આવ્યાં ને બોલ્યાં, ''વાહ વાહ! કૂકડીને માથે કલગી ઊગી.'' બધાંએ પાંખો ફફડાવી તાળીઓ પાડી.

હવે તો કૂકડીએ રોજેરોજ વંડી પર ચડવા માંડ્યું. નવું જોવા માંડ્યું, શીખવા માંડ્યું. જમીન પર આવીને એના જેવી બીજી કૂકડીઓને વંડી પરથી દેખાતી દુનિયાની વાતો કરવા માંડી. એનું ઈંડાં સેવવાનું ચાલુ રહ્યું. બચ્ચાંને ચણતાં શીખવવાનુંય ચાલુ જ રહ્યું. આ બધાં કામો સાથે કૂકડી બીજી કૂકડીઓનેય ઊંચું ઊડતાં શીખવવા મહેનત કરતી, સમજાવતી. કોઈકે માન્યું, કોઈકે ન માન્યું. પોતાની સાથે વંડી સુધી ઊડતી કૂકડીને જોઈને કૂકડો ખૂબ ખુશ થયો. જો કે કાગડાએ અને બીજા થોડાં કૂકડા-કૂકડીઓએ કહ્યું, ''કલગી ઊગી, તે તો ઠીક મારા ભૈ; કૂકડા જેવાં રંગીન પીંછાં ક્યાંથી લાવશો, કૂકડીબાઈ?''

કૂકડી વિચારે છે, 'વખત છે ને પીંછાં ઊગેય ખરાં, કોને ખબર!'

- સ્વાતિ મેઢ

- **વાતચીત :**
  - મરઘીએ શું કર્યું એ તમને સૌથી વધુ ગમ્યું?
  - 'તેને તે ઊગશે'માં તે એટલે શું ?
  - આ વાર્તામાં તમને ક્યારે ક્યારે મજા આવી? ક્યારે ક્યારે ઉદાસ થવાયું?
  - કૂકડો અને કૂકડી બંને સાથે હોય તો તમે કેવી રીતે ઓળખશો?
  - તમને દોડવાની સ્પર્ધામાં નિષ્ફળતા મળે તો બીજાના કહેવાથી તમે દોડવાનું કામ છોડી દો કે કરો? કેમ?
  - એવાં કયાં કયાં કામ છે જે તમારે કરવાં છે પણ ઘરેથી કરવાની ના પાડવામાં આવે છે? ત્યારે તમને કેવું થાય ?
  - તમારે કશુંક નવું શીખવું હોય ત્યારે તમે સૌથી પહેલાં કોની મદદ લો છો?
  - કોઈ કામ જાતે શીખવું હોય તો કઈ કઈ રીતે શીખાય?
  - એવું કોઈ કામ ખરું કે જે તમે આપમેળે શીખ્યાં છો?
  - શું કૂકડીને તે ઊગશે ? એવું કરવું જોઈએ ?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જોડકાં જોડો.

- **કૌન બોલા** — **ક્યા બોલા**

| કૌન બોલા | ક્યા બોલા |
|---|---|
| ૧. કાગડો | ૧. ઊડવાનું શીખતી વખતે પડાય પણ ખરું. |
| ૨. કૂકડો | ૨. વાહ! મારી દોસ્ત કૂકડીની મહેનત રંગ લાવી. |
| ૩. કૂકડી | ૩. મથીમથીને તારે શું કૂકડો બનવું છે? |
| ૪. ચકલી | ૪. કૂકડીએ નવા નવા અખતરા ન કરવા જોઈએ. |

- **કૂકડીનો પ્રયત્ન** — **પરિણામ**

| કૂકડીનો પ્રયત્ન | પરિણામ |
|---|---|
| ૧. એકધ્યાનથી ઊડવાનું કામ કરવા માંડ્યું. | ૧. વંડી પર ચડવા જેટલી હોશિયાર થઈ ગઈ. |
| ૨. સાંજ સુધી પથરા પર ઊડઊતર કર્યું. | ૨. ઝાડ પર ચડી ગઈ. |
| ૩. બી ગઈ ને જોર કરીને ઊડી. | ૩. સાંજે આવી ત્યારે એ ખૂબ જ ખુશ હતી. |
| | ૪. પાસે પડેલા એક પથરા પર ચડી શકી. |

## જે વાક્યનો જે ભાગ ખોટો લાગે એની નીચે લીટી કરો, તેટલો જ ભાગ સુધારીને લખો.

૧. કૂકડીને થાક લાગે ત્યારે વંડી પર રમવા જતી. ..............................................

૨. કૂકડી હોશિયાર અને મહેનતુ હતી. ..............................................

૩. પક્ષી માને છે કે કૂકડી પ્રયત્ન કરે તો કલગી ઊગેય ખરી! ..............................

૪. કૂકડીને થતું કે કૂકડો કેવો નસીબદાર! ..............................................

૫. બિલાડીના ધક્કાથી કૂકડી ઊંચા પથ્થર સુધી ઊડી શકી. ..................................

## મુખ્ય શબ્દનો અર્થ સમજો. જે વાક્યમાં તે શબ્દ યોગ્ય રીતે વપરાયેલો હોય તેની સામે ✓ કરો. (જોડી કાર્ય)

**૧. રઢ - હઠ, આગ્રહ, જીદ**

(અ) મનોજ મામાના ઘરે જવાની રઢ લઈને બેઠો.

(બ) મમ્મીએ ચૉકલેટ આપી પછી ઋત્વી રઢ લઈને મજાથી ચૉકલેટ ખાય છે.

**૨. અભિલાષા - ઉત્કટ ઈચ્છા, તીવ્ર ઈચ્છા**

(અ) વિક્રમને નાનપણથી આકાશમાં ઊડવાની અભિલાષા હતી.

(બ) સંગીતાને ભૂખ નહોતી લાગી એટલે જમવાની અભિલાષા હતી.

**૩. હરખઘેલું - અતિશય આનંદથી ઘેલું બનેલું, ખૂબ હરખથી ભાન ભૂલેલું.**

(અ) મુમતાજને ગુસ્સો આવતાં હરખઘેલી થઈ ગઈ.

(બ) પ્રિયાને સ્પર્ધામાં મેડલ મળતાં હરખઘેલી થઈ ગઈ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. વંડી - ખુલ્લી જમીનને ફરતે કરેલી ભીંત

(અ) રુસ્તમની વંડી પર વાંદરો બેઠો છે.

(બ) નીતાના ઘર પાસેની વંડી બહુ ઊંડી છે.

- **વાહ ! આ તો ફરી આવ્યું. 'ચાલ, આપણે ફરવા જઈએ...'**

**પાંચના જૂથમાં બેસો. 'કૂકડીને કલગી ઊગે?' વાર્તાનો થોડો થોડો ભાગ વારાફરતી મોટેથી વાંચો.**

**કૂકડીને મળી આવ્યા? હવે પ્રશ્નના જવાબ આપો.**

૧. તમને કોનો સ્વભાવ ગમ્યો કૂકડીનો કે કાગડાનો? કેમ?
૨. તમને કૂકડીની કઈ વાત સૌથી વધુ ગમી? કેમ?
૩. કૂકડીને કોણ કોણ પ્રોત્સાહન આપતું હતું?
૪. કૂકડી મહેનતુ છે કે આળસુ? તમને કઈ રીતે ખબર પડી?
૫. વંડી પરથી કૂકડીને શું શું દેખાતું હતું?
૬. મોટા થઈને તમારે શું બનવું છે? એ માટે તમારે શું શું કરવું પડશે?

**ભૂલવાળા શબ્દો નીચે લીટી કરો. (જોડીકાર્ય)**







શૌર્યના ચિત્રમાં નાળિયેરીનું એક ઝાડ છે. તે ઊંચું છે તેમજ થોડાંક નાયિળેર પણ છે. તે મોટાં છે. ઋત્વીના ચિત્રમાં આંબાનાં બે જાડ છે પણ નીચાં છે. જોકે કેરીઓ ઘણી છે. તે નાની અને પાકી છે. શૌર્યના ચિત્રમાં બે ગાય છે : એક ધોળી ગાય અને એક કાળી યગા. ઋત્વીના ચિત્રમાં ત્રણ ધોળિ ગાય છે પરંતુ કાળી ગાય નથી. જોકે, તેની પાસે શૌર્ય કરતાં એક ગાય વધુ છે. શૌર્યના ચિત્રમાં એક ચોખ્ખું તળાવ છે. અને ધારેવ પાણી છે. ઋત્વીના ચિત્રમાં પણ તળાવ તો છે; પરંતુ ગંદું છે અને તેમાં પાળી થોડુંક જ છે. શૌર્યના ચિત્રમાં બે પોપટ ઝાડ પર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બેઠા છે અને થોડાંક પક્ષીઓ આકાશમાં ઊડી રહ્યાં છે. ઋત્વીના ચિત્રમાં પોપટ, કોયલ તેમજ મોર ઝાડ પર બેઠા છે. અને શૌર્યના ચિત્ર કરતાં વધારે પક્ષીઓ આકાશમાં ઊડી રહ્યાં છે. શૌર્યના ચિત્રમાં એક ઠીંગણો છોકરો છે. ઋત્વીના ચિત્રમાં બે છોકરા છે. એક પાતડો છોકરો છે. તે ઊંચો છે. બીજો ઠીંગણો પણ ડોજા છોકરો છે.

- **બંને ચિત્રોનું વર્ણન વાંચ્યું ને? તે વાંચવામાં મજા પડી કહો.**

**ફકરાના આધારે વસ્તુ કે નામની સામે સંખ્યા, માપ અને ગુણ દર્શાવતા શબ્દો શોધીને આપેલા ઉદાહરણ મુજબ કોષ્ટકમાં લખો.**

| વસ્તુ/નામ | સંખ્યા | માપ | ગુણ |
|---|---|---|---|
| ઝાડ | એક, બે | – | ઊંચું, |
| ફળ | – | વધારે | |
| ગાય | | | |
| તળાવ | | | |
| પક્ષી | | | |
| છોકરાં | | | |

- **વાહ! આ તો ત્રીજી વાર આવ્યું. 'ચાલ, આપણે ફરવા જઈએ...'**

**ચિત્ર (૧) અને (૨) ધ્યાનથી જુઓ અને શું અલગ છે તે શોધો.**









Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- બંને ચિત્રો જોયાંને? તેમાં શું સરખું છે? શું જુદું છે? લખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

⬡ તમારા નામમાં જેટલા અક્ષર હોય તેટલા કૂદકા મારો. જો તમારા નામમાં અડધો અક્ષર આવતો હોય તો તે માટે એક પગે કૂદકો મારો. ત્યાર બાદ જૂથમાં બેસો વિચારો અને ઉદાહરણ મુજબ કામ કરો.

| | | | |
|---|---|---|---|
| મરચું | સંખ્યા : ચાર<br>માપ : લાંબું/નાનું<br>ગુણ : લીલું, તીખું | ચાર મરચાં<br>લાંબાં મરચાં<br>તીખાં મરચાં | મમ્મીએ ચાર મરચાં ધોયાં.<br>મમ્મીએ શાકમાં ચાર લાંબાં મરચાં નાખ્યાં.<br>મમ્મીએ શાકમાં ચાર લાંબાં, તીખાં, લીલાં મરચાં નાખ્યાં. |
| કારેલું | સંખ્યા : ..........<br>માપ : ..........<br>ગુણ : .......... | ..................<br>..................<br>જાડું કારેલું<br>.................. | ..................................................<br>..................................................<br>.................................................. |
| લીંબુ | સંખ્યા : ..........<br>માપ : ..........<br>ગુણ : .......... | ..................<br>..................<br>.................. | ..................................................<br>..................................................<br>.................................................. |
| કેરી | સંખ્યા : ..........<br>માપ : ..........<br>ગુણ : ખાટી | ..................<br>..................<br>.................. | ..................................................<br>..................................................<br>.................................................. |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | |
|---|---|---|---|
| નાળિયેર | સંખ્યા : ..........<br>માપ : ..........<br>ગુણ : .......... | ..................<br>..................<br>.................. | .......................................................<br>.......................................................<br>....................................................... |
| જાંબુ | સંખ્યા : ..........<br>માપ : ..........<br>ગુણ : .......... | ..................<br>..................<br>.................. | મેં દસ જાંબુ ખાધાં.<br>.......................................................<br>....................................................... |

**શિક્ષક પાસેથી કવિતા સાંભળો, ઝીલગાન કરો અને ત્યાર બાદ જાતે પણ ગાઓ.**

## મારે પૂછવા છે એક બે સવાલ



મારે પૂછવા છે એક બે સવાલ
મમ્મીને પહેલેથી લાંબો આ ચોટલો ને પપ્પાને માથે કેમ ટાલ?
મારે પૂછવા છે એક બે સવાલ
એવું કેમ? પાણીના ભારથી આ વાદળાંઓ કોઈ દિવસ થાય
નહીં ભફ?
આખો દી' પાણીની સાથે એ રમે એને થાય નહીં શરદી ને કફ?
પેન્સિલ આ રોવા કેમ મંડતી નહીં હોય જ્યારે સંચો ઉખાડે એની છાલ?
મારે પૂછવા છે એક બે સવાલ
મમ્મીને પહેલેથી મસમોટો ચોટલો ને પપ્પાને માથે કેમ ટાલ?
મારે પૂછવા છે એક બે સવાલ
ઝાડમાંથી પાંદડાંઓ ખરવા કેમ માંડ્યાં? શું પંખીએ કરી હશે કિટ્ટા?
રૉકેટ પણ નીકળે છે આકાશની પાટી પર કદી-કદી તાણવાને લીટા
પર્વતથી ખેતરને જોઉં ત્યારે લાગે કે કોણે આ પાથર્યા રૂમાલ?
મારે પૂછવા છે એક બે સવાલ.



- જિગર જોષી 'પ્રેમ'

- **વાતચીત :**
  - કવિતામાંનો કયો સવાલ તમને સૌથી વધુ ગમ્યો?
  - કઈ પંક્તિ ગાવાની તમને બહુ મજા આવી?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કેળાની છાલ ઉતારીએ ત્યારે કેળાને શું થતું હશે?
- વરસાદમાં નહાવા જાઓ ત્યારે મોટેરાં તમને શું કહે છે?
- છૂટા થવા માટે કિટ્ટા કરાય તો સાથે થવા માટે? તમારો અનુભવ કહો.
- ઊંચે ઊડતાં પંખીને તમારું ગામ કે શહેર કેવું દેખાય?
- તમારા મનમાં કેવા કેવા સવાલો થાય છે? ઓછામાં ઓછા બે સવાલ કહો.

## પંક્તિ લખો.

**ઉદાહરણ :** ભારની અસર : પાણીના ભારથી આ વાદળાંઓ થાય નહીં ભફ? એવું કેમ?

૧. રમવાની અસર ..........................................................................................

૨. છોલવાની અસર ..........................................................................................

૩. ખરવાની અસર ..........................................................................................

૪. ધુમાડાની અસર ..........................................................................................

૫. ઊંચે ચડવાની અસર ..........................................................................................

## તો મનમાં શું થાય?

| ઘટના | આપણને થાય | કવિને થાય |
|---|---|---|
| ૧. વાદળામાં પાણી વધે વરસાદ પડે | ........... | ૧. વાદળ કેમ થાય નહીં ભફ? |
| ૨. વરસાદ વચ્ચે વાદળ-વાદળ વેરાઈ જશે. | ........... | ૨. વાદળને શરદી કફ ના થાય? |
| ૩. સંચા વડે પૅન્સિલ છોલી | ........... | ૩. પૅન્સિલ રોતી હશે કે નહીં? |
| ૪. ઝાડના પાંદડા ખરે | ........... | ૪. શિયાળો આવી ગયો |
| ૫. આકાશમાં રૉકેટનો ધૂમાડો | ........... | ૫. કેમ છોડ્યું? |
| ૬. પર્વત પરથી દેખાતાં ખેતર | ........... | ૬. કેવાં લીલાછમ ખેતર |
| ૭. નદીના પાણીમાં આથમતો સૂર્ય | ........................... | ૭. .................................... |
| ૮. વાદળમાં ફરતી કીડી | ........................... | ૮. .................................... |

## આવું થાય તો તેને કેવું લાગે? શું બોલે?

**ઉદાહરણ :** શિયાળામાં ટુવાલને તડકે સૂકવીએ તો ટુવાલ કહે, "<u>આ છોકરો રોજ કેમ નહાતો નથી</u>?"



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧. ટાયરમાં પંક્ચર પડે તો સાઈકલ કહે, "......................................................"
૨. બરફને તડકામાં મૂકો તો બરફ કહે, "......................................................"
૩. આંબા પરથી કેરી ખરી પડે ત્યારે આંબો કહે,"......................................................"
૪. ધૂળ પર વરસાદનાં ટીપાં પડતાં ધૂળ કહે,"......................................................"
૫. ઉનાળામાં રોટલાને ચૂલા પર શેકતાં રોટલો કહે,"......................................................"

**શબ્દ શોધો, વાક્ય બનાવો. (શબ્દોના અર્થ જાણવા 'લગભગ સરખા' જુઓ.)**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | વ | જી | ની | રે | ડ | સા | ઈ | ક | લ | પો | તે | ચ | ર | ણ | નાં | ગી | ત | ગા | ય |

૧. નવ, દસ, ચૌદ અને બીજા અક્ષરથી બનતો શબ્દ ......................................
૨. તેરમા અને પંદરમા અક્ષરથી બનતો શબ્દ ......................................
૩. નવ, દસ અને સત્તરમા અક્ષરથી બનતો શબ્દ ......................................
૪. અગિયાર, ચૌદ, સાત અને આઠમા અક્ષરથી બનતો શબ્દ ..............................
૫. પહેલા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા અક્ષરથી બનતો શબ્દ ......................

- **ગીતડું આવ્યું ભાઈ ગીતડું. 'ચાલ, આપણે ફરવા જઈએ...'**

**મજા પડે તેવા પ્રશ્નો બનાવો, વર્ગમાં રજૂ કરો. ખૂબ મજા પડે તેવા પ્રશ્નો નોટિસ-બોર્ડ પર મૂકો.**

**ઉદાહરણ :** ઘંટને જોરથી વગાડવામાં આવે છે.

પ્રશ્ન-૧ એ બિચારો બહેરો નહિ થઈ જાય?

પ્રશ્ન-૨ એણે શું ખોટું કર્યું એટલે રોજ માર ખાવો પડે છે?

(અ) સાબુથી ગંદાં કપડાં ધોવામાં આવે છે.

પ્રશ્ન-૧ ......................................................................................

પ્રશ્ન-૨ ......................................................................................

(બ) અંધારું હોય ત્યારે દીવો પ્રગટાવવામાં આવે છે.

પ્રશ્ન-૧ ......................................................................................

પ્રશ્ન-૨ ......................................................................................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(ક) મીઠાનો સ્વાદ ખારો હોય છે.

પ્રશ્ન-૧ ..................................................................................................

પ્રશ્ન-૨ ..................................................................................................

**બંને ફકરાના લખાણમાં શું તફાવત છે? લખો.**

(અ)

અનિરુદ્ધને જીવજંતુ ખૂબ ગમે છે. અનિરુદ્ધના દોસ્ત ભદ્રેશને જીવજંતુનો ડર લાગે છે. ભદ્રેશ કહે, "ભદ્રેશને જીવજંતુ કરડી જાય તો?" અનિરુદ્ધ કહે, "જીવજંતુ તો કેટલાં નાનાં નાનાં હોય! જીવજંતુઓને ભદ્રેશ અનિરુદ્ધની ડબ્બીમાં મૂકીને જો. ભદ્રેશને જીવજંતુ બધાં ગમી જશે."

(બ)

અનિરુદ્ધને જીવજંતુ ખૂબ ગમે છે. તેના દોસ્ત ભદ્રેશને તેમનો ડર લાગે છે. તે કહે, "મને તે કરડી જાય તો?" અનિરુદ્ધ કહે, "તે તો કેટલાં નાનાં નાનાં હોય! એમને તું મારી ડબ્બીમાં મૂકીને જો. તને તે બધાં ગમી જશે."

૧. 'અ' સારો લાગ્યો કે 'બ'? શા માટે? ..........................................................

૨. પહેલા ફકરામાં 'અનિરુદ્ધ' અને 'ભદ્રેશ' નામ કેટલી વખત આવે છે? ....................

૩. બીજા ફકરામાં લખેલાં નામોને બદલે કયા કયા શબ્દો વાપર્યા છે?

જીવજંતુ : તેમનો, ..........................................................................

અનિરુદ્ધ : તેના, ..........................................................................

ભદ્રેશ : તું, ..........................................................................

**'ઈનામ' અને 'સર્વનામ' બે મિત્રો છે. તેમની વાતચીત જોડીમાં બેસી વાંચો. તે પછી એક જોડીદાર સર્વનામ બને અને બીજો ઈનામ બને એમ સંવાદ ભજવો.**

સર્વનામ: તે આવે પછી આપણે ત્યાં જઈશું.

ઈનામ : શ્યામ આવે પછી તું અને હું મેદાનમાં જઈશું, એમ?

સર્વનામ: હા, ત્યાં જઈને તેઓની સાથે તે રમીશું.

ઈનામ : મેદાનમાં જઈને વિક્ટર, હરપાલ, રફિક સાથે ખો-ખો રમીશું, બરાબર ને!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સર્વનામ: જો તેઓ આવશે તો તેઓને પણ રમતમાં જોડી દઈશું.

ઈનામ : જો ડાયના, સોનલ, મિત્તલ આવશે તો ડાયના, સોનલ, મિત્તલને પણ રમતમાં જોડી દઈશું, એમ?

સર્વનામ: હા, પછી ત્યાં આપણે ભેગાં મળી તે રમીશું.

**ઘાટા કરેલા શબ્દની જગ્યાએ તમને ગમતું નામ લખો.**

| ક્રમ | વાક્ય | કોઈપણ માટેનો શબ્દ | મેં મૂકેલો શબ્દ |
|---|---|---|---|
| ૧ | સાંજે મેં ટીવી પર **તેનો** ફોટો જોયો. | તેનો | પંકજનો |
| ૨ | આજે મેં **તેમાં** મસાલો નાખી ખાધું. | | |
| ૩ | ગઈકાલે ઉર્વિલ **તેના** ભાઈ સાથે ફરવા ગયો હતો. | | |
| ૪ | આ દફતર **તેનું** છે. | | |
| ૫ | પગે વાગ્યું હોવાથી **તેનાથી** નહિ દોડાય. | | |

**વાંચો અને જવાબ લખો.**

૧. કલમલ કબૂતર ઘૂ...ઘૂ... કરે છે. તે ચણ ચણે છે. (અહીં 'તે' એટલે કોણ?) ..........

૨. .......... ઝાડ પર બેઠો છે. તે હૂપ...હૂપ... કરે છે. (ખાલી જગ્યામાં શું આવી શકે?)

૩. મારું નામ શ્રેય છે. શ્રેય ચોથા ધોરણમાં ભણું છું. (બીજા વાક્યમાં શ્રેયના બદલે શું લખવાથી વાક્ય સાચું બને?) ..........

૪. હર્ષિલ હોશિયાર છે. તેને/તે શિક્ષક બનવું છે. (ખોટો વિકલ્પ છેકી નવેસરથી લખો.)

..........................................................................................

૫. આપણા રાષ્ટ્રપિતાનું નામ મોહનદાસ ગાંધી છે. તેમને સૌ મહાત્મા ગાંધી તરીકે ઓળખે છે. તેઓ હંમેશાં સાચું બોલતા. (કોણ સાચું બોલતું? બીજા વાક્યમાં એમના નામને બદલે કયો શબ્દ વાપર્યો છે?)

..........................................................................................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **થાઓ ઊભા....રેડી... વન...ટુ...થ્રી... ચાલ, આપણે ફરવા જઈએ.''**

**પહેલા ફકરાને આધારે બીજા ફકરાની ખાલી જગ્યામાં તપેલી અને પતંગના સ્થાને શું મૂકી શકાય ?**

અ. ૧. એક તપેલી લો. તપેલીમાં એક ગ્લાસ પાણી રેડો. તપેલીમાં એક ચમચી ખાંડ નાખો. ખાંડને હલાવીને ઓગાળો. એક લીંબુ કાપી લીંબુનો રસ તપેલીમાં નાંખો. તપેલીમાં એક ચપટી મીઠું નાંખો.

૨. એક તપેલી લો. ……… એક ગ્લાસ પાણી રેડો. ……… એક ચમચી ખાંડ નાખી ઓગાળો. એક લીંબુ કાપી લીંબુનો રસ ……… નાંખો. ……… એક ચપટી મીઠું નાખો.

બ. ૧. બજારમાંથી પતંગ ખરીદ્યા, દોરા ખરીદ્યા. પતંગની કન્ના બાંધી. પતંગને ફૂમતું લગાવ્યું. પતંગને આકાશમાં ચગાવ્યા. પતંગને આકાશમાં દૂર દૂર સુધી જવા દીધા. આખો દિવસ પતંગ સાથે ખૂબ મજા કરી. સાંજે પતંગ ઉતારી લીધા.

૨. બજારમાંથી પતંગ ખરીદ્યા, દોરા ખરીદ્યા. ……… કન્ના બાંધી. ……… ફૂમતું લગાવ્યું. ……… આકાશમાં ચગાવ્યા. ……… આકાશમાં દૂર દૂર સુધી જવા દીધા. આખો દિવસ ……… સાથે ખૂબ મજા કરી. સાંજે ……… ઉતારી લીધા.

**ત્રણના જૂથમાં કામ કરો. આપેલાં વાક્યો વાર્તામાંથી શોધો. જે શબ્દ બધાં માટે વપરાય તેવો હોય એની નીચે વાર્તામાં લીટી કરો. અહીં તે શબ્દ તથા તે શબ્દ કોના/શાના માટે વપરાયો છે તે લખો.**

| ક્રમ | વાક્ય | કોઈપણ | પાઠમાં કોના/શાના માટે |
|---|---|---|---|
| ૧ | એમને ચણ વીણતાં શીખવવામાં હોશિયાર. | એમને | બચ્ચાં |
| ૨ | એ ઊઠીને કૂકડીની પાસે આવી. | | |
| ૩ | અહીં જમીન પર આપણે રમીએ. | | |
| ૪ | શું કામ છે તારે આવા શોખ કરીને? | | |
| ૫ | મને કલગી ઊગે-ન ઊગે, તારે શું? | | |
| ૬ | ત્યાં એણે શું જોયું? | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જૂથમાં કામ કરો. રમત : પાસિંગ ધ પાર્સલ

વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ જૂથ બનાવી વર્તુળાકારે બેસવું. એક વિદ્યાર્થી ઢોલ કે અન્ય કોઈ સાધનની મદદથી સંગીત વગાડશે. આ દરમિયાન બધા વિદ્યાર્થીઓ એક બૉલ કે ડસ્ટર કે કોઈ પણ વસ્તુ એકબીજાને પાસ કરશે. સંગીત વગાડનાર વિદ્યાર્થી સંગીત વગાડવાનું બંધ કરી દેશે. આ વખતે બૉલ કે ડસ્ટર જેના હાથમાં હોય તે વિદ્યાર્થી બૉલ કે ડસ્ટર આપનાર મિત્ર સાથે ઊભો થશે. તે પોતાના પરિવાર વિશે પાંચ વાક્ય બોલશે. તેનો મિત્ર તે વાક્યો ફરીથી બોલશે. દા.ત. નવીન : મારી મમ્મીનું નામ સવિતાબહેન છે. મારા પપ્પાનું નામ ········ . નિમિષા : આ નવીન છે. તેની મમ્મીનું નામ સવિતાબહેન છે. તેના પપ્પાનું નામ ········ . પરિચય દરમિયાન પરિવારના જે સભ્યનો પરિચય આપવામાં આવે છે તે વ્યક્તિના નામને બદલે 'તે', 'તેને', 'તેમને' વગેરે જેવા શબ્દો આવે ત્યારે બધા વિદ્યાર્થીઓએ તાલી પાડવાની રહેશે. ત્યારબાદ પહેલાંની જેમ જ રમત આગળ વધારવી.

## વાર્તા મોટેથી વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.

કાગડીએ પૂરી પગ નીચે દબાવી. કાગડાએ આંખ એકવાર ડાબા કાગડું તરફ અને બીજી વાર જમણા કાગડું તરફ ફેરવી બંને કાગડુંએ તરત જ પોતપોતાની પૂરી પગ નીચે દબાવી. પછી ચારે જણ જોર જોરથી ''કા....કા...'' ગાવા લાગ્યાં. શિયાળ, શિયાળવી, શિયાળવું એ ત્રણેય કાન દાબીને ઊભી પૂંછડીએ નાઠાં.

૧. કાગડા પરિવારના સભ્યોનાં નામ લખો.

૨. પૂરી કુટુંબના સભ્યોનાં નામ બનાવો. ·········· ·········· ··········

૩. સાચા વિકલ્પ નીચે લીટી કરો. - કાગડો, કાગડી અને બંને કાગડુંઓ જોર જોરથી ગાવા લાગ્યું/લાગ્યો/લાગ્યાં

## હસો અને ભજવો :

શિક્ષક : કયું પક્ષી ઝડપથી ઊડે છે?

વિદ્યાર્થી : જેને ઉતાવળ હોય એ.

- શિક્ષક : પાણીમાં રહેતા પાંચ પ્રાણીઓના નામ લખો.

  વિદ્યાર્થી : દેડકો, દેડકી, દેડકુ-૧, દેડકુ-૨, દેડકુ-૩


## લગભગ સરખા :

**ચણ**-પંખીઓને ખાવા માટે નખાતું અનાજ; **બિચારું**-દુ:ખી; **'લી**-અલી; **ભટકાવું**- અથડાવું; **રાજીના રેડ થવું**-ખૂબ ખુશ થવું; **નિહાળવું**-ધારી ધારીને જોવું; **પોરસાવું**-આનંદથી ઊભરાવું, જુસ્સો ચડવો; **ખીજ**-ચીડ, ગુસ્સો; **દી**-દિવસ; **પાટી**-સ્લેટ; **રઢ**-જીદ, હઠ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




## તને સાંભરે રે...

- કઈ પ્રવૃત્તિ એકદમ નવા પ્રકારની/જુદી હતી?
- તમને બોલવો/સાંભળવો ગમે તેવો કયો શબ્દ/વાક્ય/સંવાદ તમને યાદ છે?
- વાર્તામાં તમે ધારી હોય તેના કરતાં કાંઈક જુદી જ વાત આવે એવું બન્યું? તમે શું ધારેલું?
- કવિતાની કઈ પંક્તિ સૌથી પહેલાં યાદ રહી ગઈ હતી?
- જબરું કહેવાય! ‘આવુંય હોય?’ ‘આવું તો મેં ધાર્યું જ ન હતું.’ એવું તમને ક્યારે લાગ્યું?
- તમે ગેરહાજર હોય તે પછીના દિવસે વર્ગમાંથી કોઈએ તમને આ એકમની વાત કરી હતી? શી વાત કરી હતી?
- પહેલાં ન આવડ્યો હોય તે જવાબ પછીથી આવડ્યો ત્યારે તમને કેવી લાગણી થઈ હતી? તે જવાબ ન આવડતામાંથી આવડતો કેવી રીતે થયો? કોણે શિખવાડ્યો? તેણે શિખવવા શું કર્યું?
- તમને કોઈએ કહ્યું છે કે ‘તું આ નહિ કરી શકે’ અથવા ‘તારાથી આ ન થાય’ ક્યારે કહ્યું છે? ત્યારે તમને શું થયું?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# ૩ શંખલાની બહેન છીપલી

K2V9H9

## ગાઈએ નાનકડું ગીતડું :

પાટીમાં મેં દરિયો દોર્યો,
દરિયા વચ્ચે ટાપુ દોર્યો;
ટાપુ ઉપર ઝાડ ઊભું છે,
ઝાડની ઉપર બંદર દોર્યો.
બંદર ડાળી ઉપર કૂદે,
ડાળીનો મેં ઝૂલો દોર્યો;
ડાળી ઝાલી પાંદડાં તોડે,
એ બંદરનો છાયો દોર્યો.

- ભગીરથ બ્રહ્મભટ્ટ

## ઝીણી નજરે જુઓ, શું શું દેખાય છે? તેના વિશે વાત કરો અને લખો.



.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ **તમારા જેવડા દિવ્યેશની વાત તમને સાંભળવી, વાંચવી ગમશે.**

## કલાકારની ઢીંગલી

સુલતાનાબાદના એક વિસ્તારમાં તૂટેલી-ફૂટેલી વીસેક ઝૂંપડીઓ. કાણાં પડેલાં જૂનાં પતરાં, લાકડાં, પ્લાસ્ટિકની થેલીઓ, કોથળા, કાપડ એ જ ઝૂંપડીની દીવાલો ને છત. રંગબેરંગી ભીંતોવાળી આ ગલીઓમાં પોતાનું બાળપણ વિતાવતો દિવ્યેશ, ગરીબ માબાપનું હવે એકમાત્ર સંતાન.

નવ વર્ષના દિવ્યેશ માટે ફુરસદના સમયે રમતો રમવી, મોજમજા કરવી એ એક સપનું જ હતું. તેના પિતાને ચાની લારી. આ લારીમાં ચા ઉપરાંત બિસ્કૂટ-કુલફીનો એક ડબ્બો પણ ખરો. ઋતુ પ્રમાણે કુલફી સિવાયની વસ્તુઓ પણ વેચવામાં આવે.

દિવ્યેશ નજીકની ગવર્નમેન્ટ સ્કૂલમાં અભ્યાસ કરે ને બાકીના સમયમાં પિતાને કામમાં મદદરૂપ થાય. ઘરની સ્થિતિ નબળી હોવાથી ચાની લારીએ વાસણ માંજવાં, ચા આપવી, કુલફી વેચવી જેવાં કામોમાં તે ટેકો કરતો. કુલફી વેચતાં તેના મનમાં કુલફી ખાવાની તીવ્ર ઇચ્છા થાય, તેનું પેટ ક્યારેક ભૂખથી બૂમો પાડતું હોવા છતાં કુલફીને મોં સુધી લઈ ન જવા જેટલો સંયમ તેણે કેળવી લીધો હતો.

તહેવારના દિવસોમાં દિવ્યેશ હાથબનાવટની અવનવી વસ્તુઓ બનાવી વેચતો. તે છીપલામાંથી હાર, બુટ્ટી અને ઝાંઝર બનાવતો તથા દીવાલ શોભાવે તેવાં કાથીકામનાં ચિત્રો પણ બનાવતો. તે તૂટેલી બંગડીઓમાંથી તોરણ તેમજ કુલફીની પટ્ટીઓમાંથી વિમાન, ઘર, હોડી વગેરે બનાવી, રંગોનાં છાંટણાંથી સજાવી વેચતો. આમાંથી તે થોડી કમાણી પણ કરી લેતો.

નવુંનવું બનાવવામાં પ્રવીણ દિવ્યેશ અભ્યાસમાં પણ એટલો જ હોશિયાર. શાળાનાં બાળકો તેની પાસે ભાતભાતની વસ્તુઓ બનાવડાવીને ખરીદે. દિવ્યેશ પણ ઘણી હોંશથી પોતાની કલા-કારીગરી વડે અજબ સર્જન કરતો. એણે બનાવેલી ચીજ હંમેશાં અનોખી જ હોય!

દિવ્યેશની શાળામાં વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવતી. તેમાં તે ઉત્સાહભેર ભાગ લેતો અને શાળાને શણગારવામાં પોતાનું કૌશલ્ય બતાવતો.

૨૯મી જુલાઈ દિવ્યેશની જન્મતારીખ. તે દિવસે આચાર્યે પ્રાર્થનાસંમેલનમાં દિવ્યેશને જન્મદિવસનાં અભિનંદન આપ્યાં અને તેની આવડત વિશે વાત કરી. તેમણે કહ્યું કે, ‘‘આપણો દિવ્યેશ તો કલાકાર છે, આપણને નકામી લાગતી ચીજોમાંથી મજાની વસ્તુઓ બનાવી કાઢે છે. આ વખતે રક્ષાબંધનની



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in